|| સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

● સં -૨૦૭૮ ● માગસર વદ-૧૨ ● તા : ૩૧-૧૨-૨૧ ● શુક્રવાર SDP NO:620 MOB.:+91 7801877774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ- મુંબઈ ઝોન – કારોબારી સભા નો અહેવાલ

|| શ્રી ઉમિયાયૈ નમઃ || || સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ-મુંબઈ ઝોન

C/o. પાટીદાર વાડી, એલ.બી.એસ.માર્ગ,ઘાટકોપર (પ), મુંબઈ-૪૦૦૦૮૬.

ફોન: ૦૨૨-૨૫૧૫૧૬૬૬ e-mail : mumbaizone14@indiatimes.com

તા . ૨૯/૧૨/૨૦૨૧-બુધવાર ના રોજ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ મુંબઈ ઝોનની નવરચીત કારોબારીની પ્રથમ કારોબારી સભા પાટીદાર સમાજ વાડી થાણા ખાતે પ્રમુખ શ્રી કાંતિલાલ લખમશી લીબાણી ના અધ્યક્ષ સ્થાને બોલાવવા માં આવી . - મીટિંગની શરૂઆત હોદેદારો ના સ્થાન ગ્રહણ સ્વાગત – પ્રાર્થના સાથે મહામંત્રી પરેશ માવાણી દ્વારા કરવામાં આવેલ . દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલી આપ્યા બાદ એજન્ડા મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ .

મીટિંગ નું વાંચન મંત્રી જયંતીલાલ રામજીયાણી દ્વારા કરવામાં આવેલ . ઝોન પ્રતિનિધિઓની ખાલી પડેલી બે જગ્યા માટે અમૃતભાઈ જયંતીલાલ સેંઘાણી – ઘાટકોપર અને શાંતિલાલ રૂડાણી – બોરીવલી ની નિમણૂક કરવામાં આવી . ખજાનચી શાંતિભાઈ કરસન ગોરાણી એ હિસાબની જાણકારી અને ઘટક સમાજો માંથી આવેલ દિવાળી બોણીની માહિતી આપેલ .

ઉપ પ્રમુખ કેશવજી ભાઈ લીબાણી એ દિવાળી બોણીની રકમનો કેન્દ્રીય સમાજ દ્વારા વિવિધ સહાય યોજનામાં થતાં ઉપયોગની માહિતી આપેલ અને બોણીની યોગ્ય વ્યવસ્થિત રકમ આપવા ભારપૂર્વક જણાવેલ .

ભુજ ખાતે કેન્દ્રીય સમાજ દ્વારા સંપાદિત થયેલ જમીન માટે ભૂમિદાન માટેની સવિસ્તાર માહિતી પ્રમુખશ્રી કાંતિભાઈ લીબાણી દ્વારા આપવામાં આવેલ . મુંબઈ ના ભાઈઓ એ અગાઉ પણ સમાજ ના વિકાસ કાર્યો મા સારો સહયોગ આપેલ છે અને આ કાર્ય માટે પણ આપણે સૌ વધુ મા વધુ ભૂમિદાન નોંધાવીએ અને આપણી સમાજ ના ભાઈઓ ને પણ આની જાણકરી આપીને આ સેવાકાર્ય મા જોડવા આહ્વાન કરેલ .

મહેન્દ્રભાઈ સેંઘાણી દ્વારા ભુજ ખાતેની ૪.૫ એકર જગ્યા કેવી રીતે સ્વ . પ્રેમજીભાઈ કેશરાણી ના પ્રયત્નો થી સમાજને પ્રાપ્ત થયેલ તેની માહિતી આપેલ . ભૂમિદાન અને કેન્દ્રીય સમાજની વિવિધ યોજનાઓ વગેરેની માહિતી જન જન સુધી પહોંચે તે માટે ઘટક સમાજો મા સંપર્ક યાત્રા કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું . જેના પ્રતિસાદ રૂપે વસઇ - વિરાર વિભાગ સમાજ દ્વારા મુંબઈ ઝોન ને આમંત્રણ પણ આપવામાં આવ્યું . આગામી તા . ૮ અને ૯ જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ નરોડા ખાતે આયોજિત સમાજની કાર્યશાળાની પણ માહિતી આપવામાં આવેલ અને ભાગ લેવા માટે પણ રજૂઆત કરવામાં આવી .

કરમશીભાઈ લધા રામજીયાણી બાબતે કેન્દ્રીય સમાજ ના આવેલ પત્ર ના અનુસંધાને થયેલ કાર્યવાહી ની સંપૂર્ણ માહિતી પ્રમુખ કાંતિભાઈ લીબાણીએ આપેલ હતી .અંતે ઘાટકોપર સનાતન સમાજ ના અને મુંબઈ ઝોનના હોદેદારો અને કરમશીભાઈ લધા રામજીયાણી સાથેની સંયુક્ત મીટિંગ માં આ વિષયને લઈને તેમને હકારાત્મક નિવેદન લેખિતમા આપેલ છે તેમ જણાવેલ . ખોપોલી – રસાયણી સમાજ નો મુંબઈ ઝોનમાં સમાવેશ કરવા માટે અરજી આવેલ જેને કેન્દ્રીય સમાજની મંજૂરી લઈ સમાવેશ કરવો તેમજ કામોઠા અને ખારઘરની સનાતન સમાજો નો પણ મુંબઈ ઝોન મા સમાવેશ કરવા કાર્યવાહી કરવાનું નક્કી થયેલ .

પ્રમુખીય ઉદબોધન માં કાન્તીભાઈએ દિવાળી બોણી જમા કરાવવા , અને ભૂમિદાન માટે વિશેષ ભાર મુકેલ . કરમશીભાઈ લધા રામજીયાણી બાબતે સમાજના મુખપત્રો મા પ્રેસ નોટ આપવાની જાણ કરેલ .

આ સભામાં કેન્દ્રીય સમાજ ના ટ્રસ્ટી – છગનભાઈ કાનજી પોકાર , ઝોન પ્રતિનિધિઓ – ઉમેશભાઈ ડાહ્યાલાલ નાથાણી અને મણિલાલ વાલજી લીબાણી , પ્રભારી રતનશીભાઈ લાલજી દિવાણી અને સહ . પ્રભારી ગંગારામ જીવરાજ પોકારની વિશેષ ઉપસ્થિતિ રહેલ હતી . સભાના અંતે આભારવિધિ મંત્રી શ્રી શાંતિલાલ ભગત દ્વારા કરવામાં આવેલ અને રાષ્ટ્રગીત સાથે સભા સમાપ્ત કરવામાં આવેલ .

મહામંત્રી શ્રી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, મુંબઈ ઝોન પરેશભાઈ સોમજીભાઈ માવાણી.

ગુજરાત યુવા મોર્ચાના પ્રમુખનું સ્વાગત- અંકલેશ્વર યુવા મોર્ચા દ્વારા

ગુજરાત રાજ્યમાં સુશાસન ની સરકાર ના બીજેપી ગુજરાત યુવા મોર્ચા પ્રમુખ પ્રસાંતભાઈ કોરાટ - જેનું સ્વાગત નોટીફાઈડ એરીયા અંકલેશ્વર ના આંગણે કરવામાં આવ્યું અને તેનું સન્માન કરતા કકપા યુવા મંડળ અંકલેશ્વર અને દક્ષિણ ગુજરાત રિજીયન ના સક્રિય કાર્યકર તેમજ નોટિફાઇડ એરિયા ભાજપ યુવા પ્રમુખ રિતેષભાઈ નાકરાણી.

રાજકીય પ્રગતિ પણ રાષ્ટ્ર ની એક વિકાસ ની દિશા છે. યુવસંઘના મિશન ના મંડાણ માં આ કાર્ય પણ ભારતભર માં મક્કમતા થી સિદ્ધિઓ મેળવે તેવા પ્રયાસ દક્ષિણ ગુજરાત માં પણ થઈ રહ્યા છે.

રિતેશ નાકરાણી યુવા મોર્ચા ના પ્રેસિડેન્ટ છે. તેમજ તેમના પિતા ભુરૂચ જિલ્લા કારીબારી સભ્ય પણ નિયુક્ત થયા છે.. યુવાસંઘ રાજકીય મિશન તેઓનું અભિવાદન પણ કરે છે.

મયુર રંગાણી, મિશન રાજકીય કન્વીનર..

સાવચેતી રાખવી દરેક નાગરિક ની ફરજ છે માત્ર પોલીસ ની જ નહી

વર્તમાન સમયમાં કોરોનાનો (ઓમીક્રોન) વ્યાપ વધેલ છે જેથી કોરોનાને વધતો અટકાવી શકાય તેમજ લોકોમાં જાગૃતી ફેલાવી શકાય તે હેતુથી આજરોજ તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ અંજાર શહેરની મુખ્ય બજારમાં પો.ઈન્સપેક્ટર એમ.એન.રાણા તેમજ અંજાર પોલીસ સ્ટાફ દ્વારા ફુટ પેટ્રોલીગ કરી લોકોમાં માસ્કનું વિતરણ તેમજ લાઉડ સ્પીકર દ્વારા વેપારીઓને પોતાની દુકાને આવતા માણસો માસ્ક પહેરે, સોશીયલ ડિસ્ટેન્સનું પાલન કરે વિગેરે સુચન કરવામાં આવેલ છે.કોરોના ના આ ત્રીજા એમીક્રોન કોરોનાની વ્યાપકતા અટકે તે માટે આંતરરાષ્ટ્રીય તમામ ક્ષેત્રમાં નિયંત્રણ મુક્યા છે. ત્યારે ભારત ની પ્રજાએ ખાસ સમજવું જ જોઈએ અને માત્ર પોલીસની આ સાવચેતી ની પ્રક્રિયા નથી. આમ જનતા તમામ આ બાબતે સજાગ બને તે જ આ સમયે ઉત્તમ રાષ્ટ્ર ભક્તિ છે. કકપા ના તમામ પરિવાર સુરક્ષિત રહે સોસીયલ ડિસ્ટન્સ નું પાલન કરે. H&D

રાજહંસ ક્રિકેટ ટુર્નામેન્ટ - દક્ષિણ ગુજરાત માં ચીખલી મુકામે

યુવાસંઘ - નર્મદા કાઉન્સીલ - દક્ષિણ ગુજરાત રિજીયન - દમણગંગા વિભાગ,

શ્રી ક.ક.પાટીદાર યુવામંડળ - ચીખલી આયોજિત RAJHANS PREMIER LEAGUE-૨૦૨૧/ ૨૨ડે-નાઈટ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ તારીખ-૩૧ ડિસેમ્બર-૨૦૨૧ થી ૨ જાન્યુઆરી ૨૦૨૨ દરમ્યાન ૩ દિવસ યોજાવા જઈ રહી છે.

દક્ષિણ ગુજરાત રિજીયન માંથી ૧૬ ટિમો ભાગ લઈ રહી છે જેમાં ૧૬ લીગ મેચ, ૨ સેમિફાઈનલ અને ફાઈનલ સાથે કુલ ૧૯ મેચ રમાશે.

RAJHANS PREMIER LEAGUE-૨૦૨૧/૨૨ ડે - નાઈટ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ ની ઓપનિંગ સેરેમની તા-૩૧ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ બપોરે ૧:૦૦ કલાકે અને પ્રાઈઝ ડિસ્ટ્રીબ્યુસન તેમજ ક્લોસિંગ સેરેમની તા: ૦૨ જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ રાત્રે ૭:૩૦ કલાકે મોહનલાલ દેસાઈ ક્રિકેટ ગ્રાઉન્ડ - સંજય ફાર્મ મુકામે યોજાશે.

ચીખલી યુવા મંડળ ની કારોબારી ટીમ, RPL આયોજન કમિટી સભ્યો અને યુવા મંડળ નાં થનગનતા યુવાઓ નાં સાથ સહકાર તેમજ ખાસ સ્પોર્ટ્સ કન્વિનર નરેશભાઈ સાંખલા અને ટીમ નાં અથાગ પરિશ્રમ થી આ ટુર્નામેન્ટ નું સુંદર આયોજન થવા જઈ રહ્યું છે.....

આજ રોજ બપોરે ૩-૦૦ કલાકે ટુર્નામેન્ટ માં ભાગ લેનાર ૧૬ ટીમો નાં લોટસ પાડવાની મીટીગ નું આયોજન ઉમા ભવન - ચીખલી મુકામે કરવામાં આવેલ હતું જેમાં દરેક ટીમ નાં કેપ્ટન અને સ્પોર્ટસ કન્વિનરની ઉપસ્થિતિ માં લીગ મેચ નાં લોટસ ચિઠ્ઠી ઉપાડી પાડવામાં આવેલ જેમાં પ્રથમ દિવસે અનુક્રમે (૧) જલારામ ઈલેવન ચીખલી VS વલસાડ પૂર્વ ઈલેવન (૨) મોલ્ડવેલ સ્ટનર્સ વેસ્મા VS સરદાર ઈલેવન બારડોલી (૩) જીવ્યમ ઈલેવન બીલીમોરા VS બ્લેકબર્ડ ઈલેવન નવસારી પૂર્વ (૪) એશિયાટિક ઈલેવન ચીખલી VS કામરેજ કેસરી ઈલેવન કામરેજ (૫) મોલ્ડવેલ સ્ટનર્સ વેસ્મા VS બ્લેકબર્ડ ઈલેવન નવસારી પૂર્વ(૬) જલારામ ઈલેવન ચીખલી VS કામરેજ કેસરી ઈલેવન કામરેજ (૭) જીવ્યમ ઈલેવન બીલીમોરા VS સરદાર ઈલેવન બારડોલી અને દ્વિતિય દિવસે (૧) સ્ટાર ઈલેવન વલસાડ દક્ષિણ ફજી એમ કે ઈલેવન મરોલી (૨) પારનેરા ઈલેવન ચીખલી VS વલસાડ ચેલેન્જર વલસાડ ઉત્તર (૩) કનક સ્ટ્રાઈકર્સ વેસ્મા VS કે કે પી ઈલેવન ગણદેવી (૪) રામેશ્વર પોલિમર બીલીમોરા VS કે કે પી ઈલેવન વ્યારા (૫) પારનેરા ઈલેવન ચીખલી ફજી કે કે પી ઈલેવન ગણદેવી (૬) સ્ટાર ઈલેવન વલસાડ દક્ષિણ VS કે કે પી ઈલેવન વ્યારા (૭) કનક સ્ટ્રાઈકર્સ વેસ્મા VS વલસાડ ચેલેન્જર વલસાડ ઉત્તર (૮) રામેશ્વર પોલિમર બીલીમોરા VS એમ કે ઈલેવન મરોલી વચ્ચે લીગ મેચો રમાનાર છે....

RAJHANS PREMIER LEAGUE-૨૦૨૧/૨૨ ડે - નાઈટ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ ની ઓપનિંગ સેરેમનીમાં ખેલાડી મિત્રો અને આયોજક મિત્રો નો ઉત્સાહ વધારવા ની સાથે પ્રોત્સાહન પૂરું પાડવા ચીખલી સમાજ - મહિલા મંડળ ના કર્ણધારો, સભ્યો, ટીમ DGR, ટીમ DGS તેમજ વિવિધ યુવા મંડળ નાં હોદ્દેદારો અને ટુર્નામેન્ટ નાં સ્પોન્સર ને ખાસ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે...

DGR PRO- મનોજ રંગાણી.

કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજે ધનસુરાની યશકલગી ૪.૫ કરોડના ખર્ચે સ્કૂલ બનાવી

મહામારી દરમિયાત જૂના બિલ્ડિંગમાંથી અધતન શૈક્ષણિક સંકુલ ઊભું કરાયું

ધનસુરામાં કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ દ્વારા કોરોના મહામારી દરમિયાન નવું શૈક્ષણિક સંકુલ ઉભુ કરાયું છે મહામારીમાં ઓન લાઈન શિક્ષણ વખતે બાંધકામ હાથ ધરાયું હતું .

સવા સો વર્ષ પહેલાં કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના પરિવારો ધનસુરાની આસપાસ કંપાઓ વસાવી ખેતી કરતા હતા . તે સમયે બાળકોના શિક્ષણ માટે ધનસુરા ખાતે આવવું પડતું હતું . પરંતુ ટ્રાન્સપોર્ટેશનની સવલત ન હોઈ સમાજના મોભીઓએ બાળકોને રહેવા માટે હોસ્ટેલ બનાવી હતી . સમય પસાર થતાં આ હોસ્ટેલને શૈક્ષણિક સંકુલમાં ફેરવી કોઈપણ જાતિના બાળકોને શિક્ષણ આપવાનું કાર્ય આગળ ધપાવ્યું હતું . અને સમાજના નહિ પરંતુ સર્વ જ્ઞાતિના બાળકોને આ શૈક્ષણિક સંકુલમાં શિક્ષણ કેજી થી આપવામાં આવે છે .

હાલ આ શૈક્ષણિક સંકુલમાં ધોરણ -૧૦ સુધી ગુજરાતી માધ્યમ અને કેજીથી ધોરણ -૮ સુધી અંગ્રેજી માધ્યમના વર્ગો ચાલી રહ્યા છે .

૪૨ ઓરડાઓ ધરાવતું સંકુલ દોઢ વર્ષમાં બની ગયું, સાડા ચાર કરોડના ખર્ચે સમાજ દ્વારા ૪૨ ઓરડાઓ ધરાવતું અધ્યતન શૈક્ષણિક સંકુલ માત્ર દોઢ વર્ષના ગાળામાં ઉભુ કરી દીધું છે . બાળકોના શિક્ષણમાં અડચણ ન આવે તે ધ્યાને લઈ કોરોના મહામારીમાં ઓન લાઈન ચાલતા શિક્ષણને લઈ શૈક્ષણિક સંકુલ તૈયાર કરી દેવામાં આવ્યું છે .

નવચંડી યજ્ઞ થશે

શૈક્ષણિક સંકુલમાં ૭૦૦ થી વધુ બાળકો અભ્યાસ કરી રહ્યા છે ધનસુરાની આસપાસના ૩૦ થી ૩૫ કિલોમીટર દુરથી પણ બાળકો અભ્યાસ અર્થે આવે છે . તા .૧ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ સનાતન સમાજના સંત પરમ પૂજ્ય ઓધવરામજી મહારાજની પ્રેરણાથી નવિન સમાજ ભવન અને શૈક્ષણિક સંકુલનું વાસ્તુ પૂજન તથા તૈયારીઓ ચાલી રહી છે . નવચંડી યજ્ઞની તડામાર તૈયારીઓ ચાલી રહી છે .

મુખ્યમંત્રીનું રાજકોટ માં કકપા સમાજ દ્વારા આજે સ્વાગત સન્માન

શ્રી કડવા પાટીદાર સમાજ દ્વારા આપણા ઉમીયા પરીવારનુ ગૌરવ એવા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ આપણા રાજકોટ શહેરની પહેલી વખત મુલાકાતે આવી રહ્યા છે.★ ★જ્યારે રાજકોટ ની તમામ જ્ઞાતિના લોકો, સંસ્થાઓ વગેરે મુખ્યમંત્રીશ્રીના સ્વાગત કરવા થનગની રહ્યા હોય ત્યારે આપણા જ ભાઈના સ્વાગત માટે આપણા સમાજની તો વિશેષ જવાબદારી અને ફરજ બની રહે છે. તારીખ ૩૧/ ૧૨/૨૦૨૧ ને શુક્રવારના રોજ આપણા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ પધારી રહ્યા હોય. તે દિવસે સવારે ૯ કલાકે એરપોર્ટ રોડ અને રેસકોસ રીંગરોડ ના કોર્નર પર 'શ્રી કડવા પાટીદાર સમાજ' ના નેજા હેઠળ આપણી તમામ સંસ્થાઓ ના પ્રતિનિધિઓ, સભ્યો, સમસ્ત જ્ઞાતિજનો ને સ્વાગતમાં પધારવા વિનંતી કરવામાં આવે છે.. ★

નોંધ ઉપરોક્ત કાર્યક્રમ અનુસંધાને તા, ૨૯ સાંજે ૯/૧૫ કલાકે કડવાં પાટીદારની રાજકોટની આપણી તમામ સંસ્થાઓ ના પ્રતિનિધિઓની એક મીટીગ 'ઉમાભવન' ઉમા પાર્ક યુનિવર્સિટી રોડ જે, કે,ચોક ખાતે રાખવામાં આવી હતી સમાજના અનેક અગ્રણીઓ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેલ હતા અને આખા મુખ્યમંત્રી ને રાજકોટ માં આગમન અને ગંતવ્ય ની માહિતી આપવામાં આવી હતી

સંયોજક અર્જુન સાંખલા..

જીવદયાનું કાર્ય રસલીયા કચ્છમાં અભિનદનીય

નખત્રાણા તાલુકાના રસલીયા ગામે લક્ષ્મીનારાયણ યુવકમંડળ ના યુવા મિત્રો દ્વારા દર વર્ષે કડકડતી ઠંડી મા શ્વાન (કૂતરાં તેમજ નાનાં ગલુડિયા) માટે ખિચડી તેમજ મીઠી ભાતનું આયોજન કરવામાં આવે છે સતત છ વર્ષે થી આ સેવાકીય કાર્યે કરવામાં આવી રહ્યું છે

અબોલા જીવ ઠંડીમાં ઠૂઠવાતા હોય ત્યારે રસલીયા ગામની વાડી વિસ્તાર શ્રસલીયા ગામની તમામ શેરીઓ જેવીકે લક્ષ્મીનારાયણ ચોક, રામદેવનગર, ઉમિયા નગર, રામમંદિર,બસ સ્ટેશન,વથાણ તેમજ અન્ય જગ્યાએ યુવા મિત્રો દવારા ખીચડી પીરસવાનું આયોજન કરવામાં આવે છે....

PRO હેમંત એમ ભાવાણી રસલીયા કરછ

પિકનીક બાલોદ મહિલા મંડળ

શ્રી પાટીદાર મહિલા મંડલ બાલોદ દ્વારા સમાજ ની ૪૦ વર્ષ થી ઉપર ની ઉમ્રની માતાઓ માટે એક દિવસીય પિકનીકની ગોઠવણી કરવામાં આવેલ..

એક દિવસીય પિકનીક દરમ્યાન બર્ફાની ધામ (રાજનાંદગાંવ), મનગટ્ટા પાર્ક અને સફારી (રાજનાંદગાંવ) અને દક્ષિણમુખી હનુમાન મંદિર (કમરૌદ) ખાતે આનંદ મેળવવામાં આવેલ, જેમાં દરેક માતાઓ દ્વારા અત્યંત હર્ષ ના સાથે આ પિકનીક ને સત્કાર આપી ભવિષ્ય માં પળ આવી ગોઠમણી કરવા બાબત આશીર્વાદ આપેલ

PRO - CGR હર્ષદ મોહન ભાઈ માકાણી

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
વિશ્વ ઉમિયાધામ - અમદાવાદ
Vishv UMIYA Foundation

દુઃખદ સમાચાર



સ્વ. શ્રી નારણભાઈ જી. પટેલ
(શ્રી ગણેશદાસ મોતીદાસ પટેલ પરિવાર - નદાસા - ગોરેગાંવ, મુંબઈ)

વિશ્વ ઉમિયાધામના સૌથી મોટા ભામાશા એવા લક્ષ્મી દાતા શ્રી ગ. મો. પટેલ પરિવારના મોભી, આપણા સૌના વડીલ અને પ્રેરણાસ્રોત એવા પૂજ્ય નારણકાકાનું તા. ૨૮-૧૨-૨૦૨૧ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. જે સમાચારથી સંસ્થાના તમામ હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ તેમજ સમાજશ્રેષ્ઠીઓ ઊંડા દુઃખ અને શોકની લાગણી અનુભવે છે.

જેમના પાર્થિવ દેહના અંતિમ દર્શન તા. ૩૦-૧૨-૨૦૨૧ ને ગુરૂવાર સવારે ૭-૩૦ કલાકે વતન - નદાસા, મહેસાણા મુકામે રાખેલ છે અને ત્યાર બાદ તેમની અંતિમ ક્રિયા મુક્તિધામ - સિદ્ધપુર મુકામે સવારે ૧૦-૦૦ કલાકે કરવામાં આવનાર છે.

સદ્ગતની જીવનશૈલી, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ, લાગણીશીલતા હંમેશા સર્વ માટે પ્રેરણારૂપ બની રહેશે. તેમણે વિશ્વ ઉમિયાધામમાં આપેલ દાન હરહંમેશ માટે અવિસ્મરણીય રહેશે અને દાનના મહિમાનું સાચું સ્વરૂપ સમાજને ઊજાગર કરાવીને સમાજના સાચા ધરોહર સાબિત થયા છે તેવા પુણ્યાત્માને કોટિ કોટિ વંદન કરીએ છીએ!

મૃત્યુની શોભા વધે એવું લાંબું આયુષ્ય સાર્થક કર્યું છે તેમનું ધન્ય જીવન ! મૃત્યુને રળિયામણું બનાવી ગયું. એમના પુણ્યાત્માને શાંતિ જ હોય. પૂજ્ય નારણકાકાના સદ્ગત પવિત્ર આત્માને શાંતિ મળે એવી અમો સૌ મા ઉમિયાને પ્રાર્થના કરીએ છીએ.

વિશ્વ ઉમિયાધામ પરિવાર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

ભાવભીની શ્રદ્ધાંજલી-સનાતન ધર્મ પત્રિકા

તારીખ : ૨૮/૧૨/૨૦૨૧ મંગળવાર
સ્વ. ગંગાબેન કરશનભાઈ ઉકાણી ઉમર : ૭૮ વર્ષ
કચ્છ માં ગામ : વિગોડી, તા. નખત્રાણા હાલે : ભેસ્તાન, સુરત.
અવસાન કારણ : અવસ્થા, નૈસર્ગિક

તારીખ : ૨૯/૧૨/૨૦૨૧ બુધવાર
સ્વ. મનજીભાઈ લાલજીભાઈ ચોધરી ઉમર : ૯૯ વર્ષ
કચ્છમાં ગામ : ખીરસરા હાલે : નડિયાદ
અવસાન કારણ : કુદરતી, નૈસર્ગિક દેહદાન કરી ગૌરવશાળી કાર્ય

સ્વ. રમેશભાઈ પ્રભુદાસભાઈ ધોળૂ ઉમર : ૫૨ વર્ષ
કચ્છમાં ગામ : ખેડોઈ કોટડા ગુજરાતકંપા માં : રામપુરા (કઠાણા)
હાલે : નાસિક રોડ, નાશિક.
અત્યંત દુઃખદ આકસ્મિક અવસાન

તા. ૩૦/૧૨/૨૦૨૧ ગુરૂવાર
સ્વ. જીવરાજભાઈ મેઘજીભાઈ કાલરીયા, ઉમર : ૭૬ વર્ષ
કચ્છમાં ગામ : વિગોડી તા.નખત્રાણા હાલે : ઉમરેઠ (ગુજરાત)
અવસાન કારણ : અવસ્થા, કુદરતી

પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના દિવ્ય આત્મા ને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના, શ્રી સમાજ સનાતન ધર્મ પત્રિકાની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવ પૂર્ણ શ્રદ્ધાંજલિ
ૐ શાંતિ શાંતિ શાંતિ ....

www.jeevansparsh.com

- Corporate Club Member - LIC OF INDIA
- TOT, COT & MDRT (USA) Qualifier Member Since 2002
- Life Member of MDRT (USA)
- "Area Chair for Central INDIA" of MDRT MCC Committee

BRIJESH PATEL
INSURANCE & INVESTMENT CONSULTANT

Insurance Planning | Wealth Management | Prudent Advice | Technology Enabled

All above, with best in class servicing

LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA
Qualifying & Life Member MDRT

JEEVAN SPARSH
E-73 Sector-I, Devendra Nagar, Raipur (C.G.), Tel. : 0771-2524774, 4044774
Mob. : 94252 04774, 95841 47000, E-mail: jeevansparsh@gmail.com,
सही सलाह हर बार...